# ભારતીય સંગીતના મુખ્ય ઘરાના

ઘરાના એટલે ગૃહ એટલે પરિવાર, ગુરૂના ઘરમાં સતત રહીને તેમની સેવા કરીને જે સંગીત પ્રાપ્ત થાય એને ગુરૂ-શિષ્ય પરંપરા અથવા ઘરાના કહેવાય છે. ભારતીય સંગીતમાં સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, લોક સંગીતનું મિશ્રણ જોવા મળે છે. ભારતીય સંગીતના ભીષ્મ પિતામહ સ્વામી હરિદાસજીના શિષ્ય તાનસેનથી ઘરાના શરૂ થયા હતા. તાનસેનના વારસદારો ' સેનિયા ઘરાના' તરીકે ઓળખાય છે.' ઘરાના' શબ્દની વપરાશ ગ્વાલિયરના રાજા માનસિંહ તોમરથી શરૂ થઇ છે.ત્યારબાદ 12 જેટલા ઘરાના જે પ્રદેશથી ઓળખાતા થયા છે.

| ઘરાનાની નામ | સ્થાપક | કલાકારો | વિશેષતા |
|---|---|---|---|
| ગ્વાલિયર ઘરાના | રાજા માનસિંહ તોમર | ઓમકારનાથ ઠાકુર<br>લતા મંગેશકર, પંડિત દીનાનાથ,<br>પંડિત વિષ્ણુ દિગંબર પલુષ્કર | ⇨ સંગીતના તમામ અંગોનું સંતોલન જળવાય છે.<br>⇨ આ ઘરાના સંબંધિત શૈલી ખયાલ છે. |
| આગરા ઘરાના | હાજી સુજાનખાન<br>ઉસ્તાદ બખ્શ | ફૈયાઝખાન , દિનકર કાકિણી | ⇨ તે રંગીલા ઘરાના તરીકે પણ ઓળખાય છે. |
| કિરાણા ઘરાના | ગોપાલ,<br>અબ્દુલ કરીમ ખાન,<br>અબ્દુલ વાહિદ ખાન | પંડિત ભીમસેન જોશી<br>ગંગુબાઈ હંગલ<br>બેગમ અખ્તર,<br>હીરાબાઈ બરોડેકર | ⇨ આ ઘરાનાનું નામ ' કિરાના' ગામ પરથી પડ્યું છે.<br>⇨ આ ઘરાના સંબંધિત શૈલી ખયાલ છે. |
| પતિયાલા ઘરાના | ઉસ્તાદ ફતેહ અલીખાન<br>ઉસ્તાદ અલી બખ્શ | બડે ગુલામ અલીખાન<br>અજય ચક્રવર્તી<br>કૌશિકી ચક્રવર્તી | ⇨ પંજાબના પતિયાલા વિસ્તારના કલાકારો દ્વારા સ્થાપ્યું છે.<br>⇨ આ ઘરાના સંબંધિત શૈલી ખયાલ છે. |
| જયપુર ઘરાના | ઉસ્તાદ<br>અલ્લાદિયાખાન | કિશોરી આમોનકર<br>અલ્લાદિયા ખાન | ⇨ આ ઘરાના' અંતરૌલી ઘરાના' તરીકે પણ ઓળખાય છે.<br>⇨ અતિ વિલંબિત ગાયન પણ તેની વિશેષતા છે.<br>⇨ આ ઘરાના સંબંધિત શૈલી ધ્રુપદ છે. |
| ભીંડી બજાર ઘરાના | છજ્જુ ખાન,<br>નાઝીરખાન ,<br>ખાદીન હુસૈન | શશીકલા કોરાતકર<br>અંજનાબાઈ માલ્પેકર | ⇨ લાંબા સમય સુધી પોતાના શ્વાસો પર નિયંત્રણ કરવામાં આવે છે.<br>⇨ આ ઘરાના સંબંધિત શૈલી ખયાલ છે. |
| રામપુર સહવાસન ઘરાના | ઉસ્તાદ ઈનાયતખાન | સોનું નિગમ, એ.આર.રહેમાન,<br>ઉસ્તાદ રશીદખાન,<br>ઉસ્તાદ ગુલામ મુસ્તફાખાન | ⇨ આ ઘરાના સંબંધિત શૈલી ખયાલ (ગ્વાલિયર ઘરાનાને મળતું આવે છે) છે. |
| બનારસ ઘરાના | પંડિત ગોપાલ મિશ્ર | રાજન મિશ્રા, સાજન મિશ્રા,<br>ગીરીજા દેવી | ⇨ આ ઘરાના સંબંધિત શૈલી ઠુમરી છે. |

gnanbhandar.com